



**શામળાજીના સરકીલીમડી કાગડા મહુડાના જંગલોમાં ભીષણ આગે તબાહી મચાવી**

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે. અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં સતત લાગી રહેલી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા કુશંકાઓ સર્જી છે. શામળાજી નજીકના ગ્રામ્યવિસ્તારના જંગલમાં આગ લગતા બે પરિવારોના ઘર આગમાં સ્વાહા થયા હતા. શામળાજીના સરકીલીમડી કાગડા મહુડાના જંગલોમાં રવિવારે સાંજના સુમારે અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા અને જંગલ નજીક વસવાટ કરતા બે પરિવારોના ઘર આગની ઝપેટમાં આવતા બંને ઘરોમાં રહેલો માલસામાન અને ઘાસચારો બળીને ખાખ થઈ જતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને આગ હોલવવાના પ્રયત્નો હાથ ધરી આસપાસના ઘરોમાં બાંધેલા પશુઓને બચાવી લીધા હતા. વનવિભાગ તંત્ર જંગલમાં આગ લાગવાની ઘટનાના પગલે દોડી આવી આગ પર લોકોના સહયોગથી કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જંગલમાં લાગેલી આગથી વનરાજી બળીને ખાખ થઈ હતી. અરવલ્લી જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગનું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે.

# 'રોડ નહિ તો વોટ નહિ' ગણતા ગામના ખેડૂતોએ ઉચ્ચારી ચીમકી

## જયારે ચૂંટણી આવે ત્યારે ખોટા વાયદા આપવા આવે છે પછી તો અમારી રજૂઆત પણ નથી સાંભળતા : ખેડૂતોનો રોષ

ગણતા ગામના ખેડૂતોએ તંત્ર ને રોડ બનાવવા માટે વારંવાર રજુઆત કરી છે ત્યારે આ જગ્યા ઉપર રોડ ન બનતા ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે રોડ નહીં તો વોટ નહીં,,,,,, માટે અહીંયા કોઈએ વોટ માગવા આવવું નહીં,,,,,,તો બીજી તરફ તો ખેડૂતો અમને રોડ બનાવની ખાતરી આપે છે અને જીતી ગયા પછી કોઈ આ બાજુ ફરકતું પણ નથી અને અમે રજૂઆત કરવા જઈએ તો કોઈ અમારી રજૂઆત સાંભળતું પણ નથી.

આ રસ્તા ઉપર બે સ્કૂલ તેમજ આંગણવાડી કેન્દ્ર પણ હતું પરંતુ રોડ પૂરો બનાવામાં આવ્યો નથી અને અધ્ધવચ્ચે રોડ બનાવી કામ બંધ કરી દીધું હતું તો બીજી તરફ અહીંના સ્થાનિક ખેડૂતો આક્ષેપ કરતા જણાવે છે નકે જયારે અમે રોડ બાબતે રજૂઆત કરવા જઈએ ત્યારે અમને એવું કહેવામાં આવે છે કે તમે અમને વોટ નથી



એવો પણ આક્ષેપ કરી રહ્યા છે કે જયારે અમે રજુઆત કરવા જઈએ ત્યારે અમને એવું કહેવામાં આવે છે કે જયારે કોંગ્રેસ ની સરકાર આવશે ત્યારે તમારે રોડ બનશે..

ટરુવા થી ગણતા ને જોડતો કાચો માર્ગ આ માર્ગ ઉપર વસવાટ કરતા ખેડૂતો ધ્વરા રોડ બનાવવા માટે તંત્ર ને વારંવાર રજૂઆત કરી છે છતાં પણ આ જગ્યા ઉપર રોડ ન બનતા ખેડૂતો માં ભારે રોષ ની લાગણી જોવા મળી રહી છે ખેડૂતો એ જણાવ્યું હતું કે છેલ્લા બે ટર્મ થી થરાદ ના ધારાસભ્ય તરીકે પરબતભાઈ પટેલ ચૂંટાઈ આવે છે જયારે વોટ માંગવા આવે ત્યારે આવેલા છે બાળકો ને અવર્જવરે કરવામાં પણ ભારે મુશ્કેલી પડીઉં રહી છે અને આંગણવાડી કેન્દ્ર માં પણ ખુબજ સુવિધા નો અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે આજે આ ખેડૂતો એ ચીમકી ઉચચારી છે કે જયારે ચૂંટણી આવે ત્યારે અમને ખોટા દિલાશ આપી અમારી પાસે વોટ મંગાવામાં આવે છે અને ચૂંટણી પતિ ગયા પછી કોઈ અમારી રજૂઆત સાંભળતું નથી માટે અમારા વિસ્તાર માં કોઈએ વોટ માંગવા આવવું નહીં

ટરુવા થી ગણતા સુધી રોડ બનવાનું કામ ચાલુ કરવાં આવ્યું આપતા તમે કોંગ્રેસ ને વોટ આપો છે માટે તમારે રોડ નહિ બને જયારે કોંગ્રેસ નીઓ સરકાર આવશે ત્યારે તમારે રોડ બનશે અને તમે રોડ ઉપર ચાલજો એક બાજુ સરકાર વિકાશ ની મોટી મોટી વાતો કરી રહી છે ગુજરાત માં છેવાડે આવેલા ગામોમાં રોડ રસ્તા અને અનેક સુવિધા નો અભાવ જોવા મળી રહ્યો છે તંત્ર રજૂઆત કરવાં છતાં પણ તંત્ર ખેડૂતો ની વાત ન સાંભળતા ખેડૂતો માં ભારે રોષ જોવા મળ્યો હતો ત્યારે હવે જોવાનું એ રહે છે વિકાશ ની મોટી મોટી વાતો કાર્તિઓ સરકાર આ જગ્યા ઉપર કયારે રોડ બનાવે છે.

# બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર પરબતભાઈ પટેલ ચોથીએ ઉમેદવારીપત્ર ભરશે

**પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહેશે**

બનાસકાંઠા લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરબતભાઈ પટેલ તા. ૪-૪-૨૦૧૯, ગુરૂવારે ઉમેદવારી પત્ર ભરશે. આ પ્રસંગે પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી પણ વિશેષ ઉપસ્થિત રહીને કાર્યકરોને સંબોધશે.



ચોથી એપ્રીલે ઉમેદવારીપત્ર ભરતાં અગાઉ સવારે ૧૦ કલાકે જોડનાપુરા બસ સ્ટેન્ડની સામે, ડીસા-પાલનપુર હાઈવે, ઝાયકા હોટેલની સામે જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, તમામ સમાજના આગેવાનો, સહકારી આગેવાનો અને મતદાર ભાઈઓ-બહેનોનું વિશાળ સંમેલન મળશે.

આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી અને ભાજપાના જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, ગુજરાત સરકારના પૂર્વમંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ધારાસભ્ય શશીકાંત પંડ્યા, ગુજરાત વેરહાઉસિંગ બોર્ડના ચેરમેન મગનભાઈ માળી સહિત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહીને સંમેલનને સંબોધશે.

# પાંચ વર્ષમાં સાબરકાંઠાના સાંસદની મિલ્કતો ડબલ થઈ

**ભાજપના પૂર્વ સાંસદની રોકડ અને સ્થાવર મિલ્કતોમાં જંગી વધારો થયાનો સોગંદનામામાં ઉલ્લેખ**

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડવા માટે ભાજપે પૂર્વ સાંસદ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. ત્યારે તેમણે સોમવારે હિંમતનગરમાં વિશાળ રેલી કાઢીને જિલ્લા કલેક્ટર કચેરીમાં જઈને પોતાનું ઉમેદવારીપત્ર ભર્યુ છે. જેમાં રજુ કરાયેલા સોગંદનામામાં જણાવેલી વિગતો પરથી એવુ ફલીત થયુ છે કે સાબરકાંઠાના સાંસદની સ્થાવર, જંગમ મિલ્કતો તથા રોકડમાં ડબલ વધારો થઈ ગયો છે. જેને લઈને તેમનુ જીવન ધોરણ ઉંચુ આવ્યું છે. જોકે તેમણે પાંચ વર્ષ દરમ્યાન જિલ્લાની વિવિધ બેન્કોમાંથી લોન પર લીધી હોવાનું સોગંદનામામાં દર્શાવ્યુ છે.

જિલ્લા ચૂંટણીપંચના અધિકારી સમક્ષ સાબરકાંઠા લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડે સોમવારે જે ઉમેદવારીપત્ર ભરીને રજુ કર્યુ છે તેમાં તા. ૩૧ માર્ચ ૨૦૧૯ના રોજ દર્શાવાયેલા આંકડા મુજબ તેમની પાસે રૂ. ૭૫ હજાર રોકડ મળી અન્ય બેંકોમાં અંદાજે રૂ. ૫,૨૬,૭૬૬ છે જયારે તેમની પત્નિના વિવિધ બેંક ખાતાઓમાં



અંદાજે રૂ. ૨૧,૬૧,૦૦૦ જયારે સ્થાવર અને જંગમ મિલ્કત તરીકે તેમની પાસે રૂ. ૨,૧૨,૩૬,૫૯૭ની જમીન છે. તેમની પત્નિ પાસે અંદાજે રૂ. ૭૩,૬૮૦ જેટલી જંગમ મિલ્કત્ત હોવાનું દર્શાવાયુ છે.

વર્ષ ૨૦૧૪માં જયારે સાબરકાંઠા બેઠક પરથી ચૂંટણી લડી જીતેલા દિપસિંહ રાઠોડે તત્કાલીન સમયે ચૂંટણીપંચમાં રજુ કરેલા ઉમેદવારીપત્ર સાથેના સોગંદનામામાં એ વખતે રૂ. ૬૧ હજાર રોકડ જયારે તેમની પત્નિ પાસે રૂ. ૧૫ લાખ હતો તે સમયે તેમની પાસેની જમીનની કિંમત રૂ. ૧,૭૬ કરોડ અંદાજવામાં આવી હતી. જયારે તેમની પત્નિ પાસે રૂ. ૭૧ હજારની વધુની જમીન હતી. તે સમયે તેમણે ગમે તે કારણોસર વિવિધ બેન્કોમાંથી રૂ. ૪ લાખની લોન લીધી હતી.

ઉલ્લેખનીય છે કે ૫ વર્ષમાં સાબરકાંઠાના સાંસદની મિલકતોની કિંમત બેવડાય છે. જયારે તેમના કરતા તેમની પત્નિ વધુ શ્રીમંત બન્યા હોવાનું ઉડીને આંખે વળગે છે. જોકે તેઓ પ્રાંતિજ તાલુકાના વતની હોવાથી તથા ગામડામાં રહે છે એટલે સ્વાભાવિક છે કે તેઓ ખેડૂત હોય. હવે આગામી ત્રણ દિવસમાં કોંગ્રેસ જે ઉમેદવારને પસંદ કરીને ટિકીટ આપી ઉમેદવારીપત્ર ભરાવશે ત્યારે તે ઉમેદવાર દિપસિંહ રાઠોડ કરતા કેટલી વધારે કે ઓછી મિલ્કત ધરાવે છે તે માટે રાહ જોવી પડશે.



**ડીસામાં ગરમીનો પારો ૪૧.૬ ડિગ્રી**

ડીસા સહિત જિલ્લામાં આ વખતે શિયાળાની ઠંડીનું જોર રહેવા પામ્યું હતું પરંતુ એપ્રિલ મહિનો શરૂ થતાજ સૂરજ દાદા રૌદ્ર સ્વરૂપ દાખવવા લાગ્યા છે તેથી કાળઝાળ ગરમી પડવા લાગી છે જેના કારણે બપોરના સુમારે તો શહેરી તેમજ ગ્રામીણ રસ્તાઓ સુમસામ ભાસે છે ગરમીથી બચવા લોકો અવનવા નુસખા અપનાવે છે પણ એકેય ઉપાય કારગત નિવડતો નથી ગરમીથી પશુપંખી જીવો પણ આકુળ વ્યાકુળ થઈ ઉઠ્યા છે ઉનાળાના આરંભે કાળઝાળ ગરમીથી આગામી મેં મહિનો વસમો પુરવાર થશે તે નક્કી છે હવામાન વિભાગે તાપમાન ૪૧.૬ ડિગ્રી હોવાનું જણાવી આગામી દિવસોમાં પણ ગરમીનો દૌર જળવાઈ રહેશે તેવી આગાહી વ્યક્ત કરી હતી તેથી નજીકના દિવસોમાં બનાસવાસીઓને ગરમીથી રાહત મળે તેવા કોઈ અણસાર નથી.

# ધાખા મામાબાપજીના મંદિર પાસે બે બાઈક સામ-સામે અથડાયા

ધાનેરા તાલુકા ના ધાખા ગામ નજીક બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક યુવક નું મોત નીપજ્યું છે તો અન્ય એક યુવક ને ગંભીર લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને જાણ ભરતભાઈ ચૌધરી અને દેવુસિંહ વાઘેલા તેમની ટિમ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને



ઈજા થતા ૧૦૮ ધ્વરા સારવાર અર્થે ધાનેરા ની રેફર હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો છે.

ધાનેરા વિસ્તાર માં અકસ્માત ના બનાવો દિનપ્રતીદીન વધારો જોવા મળી રહ્યો છે ત્યારે ધાનેરા અને ધાખા વચ્ચે આવેલા માંબાપજી પાસે બે બાઈક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ જેટલા લોકોને ગંભીર ઈજા થતા લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ઘાયલો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા જ્યાં ફરજ પર ના તબીબ ધ્વરા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા પરંતુ બાબુભાઈ માધાભાઈ નું સારવાર દરમ્યાન મોટ નિપજતા અરેરાટી મચી જવા પામી હતી જયારે કિરણભાઈ મોચી અને અને એક અન્ય યુવક ને પણ ગંભીર ઈજા થતા સારવાર અર્થે આગળ ખસેડ્યા હતા

# બનાસકાંઠામાં ફરી કમળ ખીલવવા ભાજપની પડખે રહેવાની માળી સમાજની ખાતરી

બનાસકાંઠામાં લોકસભા ચૂંટણીના વધતા જતા ગરમાવા વચ્ચે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના નૈતૃત્વ હેઠળ ડીસા તાલુકામાં વસતા માળી સમાજના અગ્રણીઓએ લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલને તન, મન અને ધનથી પૂરતું સમર્થન આપી બનાસકાંઠાનું કમળ દિલ્હી મોકલી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી છે. બનાસકાંઠા બેઠકના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ સાથે આજે ડીસા સ્થિત ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી.આ પ્રસંગે મગનલાલ માળીએ ઉમેદવાર પરબતભાઈ પટેલ તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલનું ઉમલકાભર્યું સ્વાગત કર્યું હતું. ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી ઉપરાંત વાસડા ડેલીગેટ એન.ટી.માળી, માલગઢ ડેલીગેટ નરેશભાઈ સોલંકી, જાણીતા ધારાશાસ્ત્રી અને ભાજપના યુવા અગ્રણી કૈલાસભાઈ ગેલોત, ડીસા નગરપાલિકાના કોર્પોરેટર દીપકભાઈ પઢીયાર અને ગોરધનજી કચ્છવા, માલગઢ સરપંચ શ્રવણકુમાર માળી,વાસણાના પૂર્વ સરપંચ નરસિંહજી કસ્તુરજી માળી વાસણા સરપંચ દયારામભાઈ માળી, વાસડા સરપંચ પ્રહલાદજી માળી, મોરથલ ગોળીયા સરપંચ પરેશભાઈ કચ્છવા, ગેનાજી ગોળીયા સરપંચ અશોકભાઈ માળી, માળી સમાજના અગ્રણીઓ કપુરજી પઢીયાર, કનૈયાલાલ માળી, બાબુલાલ અમથાજી માળી, શિવાજી હકમાજી માળી, ખેતાજી માળી, ભરતકુમાર ચતરાજી માળી, સિંગર ગણપતલાલ માળી, ડીસા ગંજબજાર વેપારી મંડળના પ્રમુખ અરજણભાઈ ચૌધરી, વી.જે.પટેલ શાકમાર્કેટ વેપારી મંડળના પ્રમુખ કમલેશકુમાર લાલજીભાઈ માળી, અશોકભાઈ સોલંકી, શંકરભાઈ માળી સહિત માળી સમાજના અન્ય અગ્રણીઓ, ડેલીગેટો તેમજ સરપંચો અને યુવા અગ્રણીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથને વધુ મજબૂત બનાવવા માટે બનાસકાંઠા બેઠક પર કમળ ખીલવવા તન, મન, ધનથી સહકાર આપી પરબતભાઈ પટેલને જંગી બહુમતિથી વિજયી બનાવવાની ખાતરી આપી હતી.

# ચૂનાના કટ્ટા નીચે સંતાડીને લઈ જવાતો લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો

ધાનેરા ની નેનાવા ચેક પોસ્ટ ઉપર થી ચુના ના કટ્ટા નીચે સંતાડીને લઈ જવાતો લખો રૂપિયા નો દારૂ ઝડપાયો છે સાથે બુટલેગર અને ૨૦ લાખ કરતા પણ વધુ નો મુદ્દમાલ જપ્ત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. લોક સભા ની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુજરાત માં દારૂ ઘુસાડતાં બુટલેગરો પણ બેફામ બન્યા છે અને મોટા પ્રમાણ માં અવનવા કીમિયા અપનાવી ગુજરાત માં દારૂ ઘુસાડી રહ્યા છે ત્યારે ગતરાત્રે ધાનેરા પોલીસ નેનાવા ગામની ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગ માં હતી તે સમયે રાજશેઢાં તાંફર થી આવી રહેલી ટ્રક નંબર ઈન્ન ૦૪ ય્છ ૨૭૭૮ ની તલાશી તેમાં ચુના ના કટ્ટા જોવા મળ્યા હતા પરંતુ પોલીસ ને શંકા જતા ચુનં કટ્ટા ફેંદતાં તેમાંથી વિદેશી દારૂ ની પેટી નંગ ૨૨૫ જેની કિંમત ૧૦ લાખ ૮૦ હાજર અને ૧૦ લાખ ની ગાડી સાથે બુટલેગર હરિરામ વિશ્નોઈની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે






**ધાનેરામાં રાયડાના ટોકન લેવા આવેલા ખેડૂતો પર પોલીસનો લાઠીચાર્જ, ખેડૂતો દ્વારા ધાનેરા પોલીસ મથકનો ઘેરાવો કર્યો**

ધાનેરા માં રાયડા ના ટોકન લેવા આવેલો ખેડૂતો ઉપર પોલીસે લાઠીચાર્જ કરતા ખેડૂતો એ હંગામો મચાવ્યો હતો અને મોટી સંખ્યા માં ખેડૂતોએ ધાનેરા પોલીસ મથક નો ઘેરાવો કર્યો હતો તો બીજી તરફ ખેડૂતોએ ભાજપ સરકાર હાય,,,,હાય,,,ના નારા લગાવી સરકાર નો વિરોધ કર્યો હતો. સરકાર ધ્વરા ટેક ના ભાવે રાયડો ખરીદવાનું શરુ કર્યું છે ત્યારે આજે ધાનેરા માં પણ ખેડૂતો રાયડા ના ટોકન લેવા માટે આવ્યા હતા વહેલી સવાર થીજ મોટી સંખ્યા માં ખેડૂતો એ આવી ટોકન ની રાહ જોઈને બેઠા હતા પરંતુ સુવિધાના અભાવે ૧૨ વાગ્યા સુધી ખેડૂતો ને કોઈ જ જવાબ ન મળતા ખેડૂતો ઉશ્કેરાયા હતા અને ખેડૂતોએ હંગામો મચાવ્યો હતો ત્યારે ધાનેરા પોલીસે ઘટના સ્થળે જઈ ખેડૂતો ઉપર લાઠીચાર્જ કરતા ખેડૂતો માં ભારે નારાજગી નો માહોલ જોવા મળ્યો હતો ત્યારે હવે તમેં પણ સાંભળો આ ખેડૂતો ની વેદના ખેડૂતો એ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે અમે વહેલી સવાર થીજ ટોકન લેવા માટે લાઈન માં ઉભા છીએ બપોર ના ૧૨ વાગ્યા નો સમય થયો છે અમને કોઈ જ જવાબ આપતું નથી અંદર ના લોકો અને બહાર ના લોકો અંદર જાય છે ત્યારે બધાજ ખેડૂતો એ હોબાળો કરતા ધાનેરા પોલીસ દોડી આવી હતી અને ખેડૂતો ઉપર લાઠીઓ વરસાવી હતી ત્યારે ધાનેરા અને દેશ માં ખેડૂત નું કોઈજ મહત્વ નથી તેવું ખેડૂતોએ જણાવ્યું હતું. વહેલી સવાર થી ખેડૂતો હેરાન થઇ રહ્યા હતા કોઈ જવાબ આપતું નહતું અને જોઈ કોઈ પૂછવા જાય તો થઈ જશે થઈ જશે ના સુર સાંભળવા મળતા હતાતો બીજી તરફ ખેડૂતો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા હતા ખેડૂત ના શરીર માં પરસેવા છૂટી રહ્યા હતા ખેડૂતોએ સાથે લાવેલા કાગળો પણ પલળી ગયા હતા સરકાર ધ્વરા જાહેરાત કરવામાં આવી હતી કે પહેલી તારીખ રાયડો ખરીદી નું કામ ચાલુ થવાનું છે તો તંત્રએ પહેલા થી તૈયારીઓ કેમ ન કરી લાઈટ ની સુવિધા ન હતી કોમ્પ્યુટર પણ બંધ હાલત માં હતું અને ખરીદી ના સ્થળ ઉપર સુવિધા નો ખુબજ અભાવ જોવા મળ્યો હતો લોકોએ રોષ સાથે જણાવ્યું હતું કે મગફળી ખરીદી હોય કિએ પછી રાયડા ની ખરીદી સરકાર ના અણઘટ વહીવટ થી ખેડૂતો ને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ખેડૂતો સરકાર ને જવાબ આપવાના મૂડમાં આવી ગયા છે ત્યારે સરકારે ધાનેરા રાયડા ની ખરીદી નું કેન્દ્ર તો ચાલુ કર્યું છે પણ અહીંયા કોઈજ સુવિધા નથી નથી તો પૂરતા માણશો કે નથી પૂરતા સાધનો આમ તો સરકાર ગુજરાત માં અને દેશ માં ખેડૂતો માટે મોટી મોટી વાતો કરી સરકાર ખેડૂતો ની છે તેવું કહી રહ્યા છે પરંતુ આ સરકાર માં ખેડૂતો સાથે ના અન્યાય ના બાબાવો માં દીબપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે અને વારંવાર ક્હે દૂત ને પોલીસ ની લાઠીઓ ખાવાનો વારો આવે છે